## ક્રિમી.કેસ નંબર : ૧૧૫૦/૨૦૧૫ ના કામે  આંક : ૧ લગત હુકમ

આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે સ્પેશ્યલ સીટીંગ રાખવામા આવેલ છે. જુના કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે  લીધા. રેકર્ડ તપાસતા લાંબા સમયથી આ કામે ફરીયાદપક્ષ તરફથી કોઈ પણ સાહેદ હાજર રખાવવામા આવેલ નથી. અવારનવાર સમન્સ કરવા છતા સમન્સ વગર બજે  પરત આવેલ છે.  તપાસનીશ અમલદારને પણ સમન્સ કરતા તેઓ પણ મળી આવેલ નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **1984 (1) GLR 77  Hon'ble Judges:A.S.Qureshi, J. State Of Gujarat Versus Rana Babubhai Vardhiram** ધ્યાને લેવામા આવે તો તેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, **In this appeal the State of Gujarat is challenging the order of acquittal dated 14/09/1979 passed by the learned Judicial Magistrate First Class Kalol in Criminal Summary Case No 2047 acquitting the accused of the offence punishable under secs. 279, 337 of the Indian Penal Code and secs. 112 and 116 of the Motor Vehicle Act. The respondent was the original accused. He was charged for rash and negligent driving of his motor truck No GTB 5572 and thereby causing an accident in which Scooter No. GRA 2087 was badly damaged and the complainant who was riding it was slightly injured. The accident is said to have occurred on 31/05/1978 at about 8.00 p. m After the charge-sheet was filed and the case was fixed for recording evidence the prosecution witnesses failed to turn out and the matter was adjourned from time to time for a period of about six months Although the complainant was served with the summons to remain present on 14/09/1979 neither the complainant remained present in the court nor his witnesses were present on that day. Hence the learned Magistrate discharged complaint and**

passed the impugned order of acquittal. It has been time and again stated that it is for the prosecution to proceed with the complaint diligently. **The court is not bound to grant adjournment after adjournment on account of the failure of the prosecution to keep its witnesses present. On the day on which the learned Magistrate discharged the complaint even the complainant was not present though summons were served on him for attendance on that day. In the circumstances the learned Magistrate was justified in passing the order which he did.** It may be that the prosecution may not be able to ensure the attendance of its witnesses on account of either non-availability or reluctance of the witnesses to come forward and give deposition in court. In such circumstances it would be proper and fair on the part of the prosecution to tell the court frankly that evidence is not available to proceed with the matter and thus seek an order of discharge from the court. If the prosecution fails to do so, the court would be justified in passing the order of discharge of the complaint and the acquittal of the accused. Thus, there is no substance in this appeal and hence it is dismissed.

જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા સાહેદોને હાજર રખાવી શકેલ ન હોઈ તેમજ આ અદાલત તરફથી કાઢવામા આવેલ પ્રોસેસો જોતાં પણ સાહેદોને સમન્સ બજવા છતા ત્યાર બાદ હાજર રખાવેલ ન હોઈ ઉપરોકત ચુકાદામા છ માસના સમય બાદ પણ સાહેદોને હાજર રખાવેલ ન હોઈ ટ્રાયલ કોર્ટે આરોપીને છોડી મુકવાનો હુકમ કાયમી કરેલ, જેથી હાલના કામે પણ સાહેદોને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ જોતા તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી. આમ આરોપીને કોર્ટમા તારીખોએ હાજર રહેતા હોઈ હેરાનગતિ થતી હોઈ આરોપીની ઉંમર જોતા માત્ર કેસોમા તારીખ પડતી હોઈ દર તારીખે આરોપીને હાજર રહેવુ પડતુ હોઈ નામદાર

ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાની હકીકતો ધ્યાને લેતા જેથી  તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો તેમજ તેમની સામેનો કેસ ફેસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.  વચગાળાના હુકમો કાયમી કરવાં. રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી.

આજરોજ તા. ૨૨ મી જુલાઈ  ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| તા.૨૨–૭– ૨૦૧૮. | | એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |